# જૈન આગમોમાં કૃષ્ણ અને દ્વારકા

શાહ નીલાંજના એસ૦

શ્રીકૃષ્ણ અને દ્વારકાને લગતી માહિતી **મહાભારત, હરિવંશ,** અને કેટલાંક પુરાણોમાં ખૂબ વિગતે મળે છે. જૈન પરંપરા પ્રમાણે શ્રીકૃષ્ણ અરિષ્ટનેમિના નજીકના સંબંધી હોવાથી કૃષ્ણ વિશે, અને અરિષ્ટનેમિના નિવાસસ્થાન તરીકે દ્વારકા વિશે, જૈન સાહિત્યમાંથી ઠીક ઠીક માહિતી મળે છે. પ્રાચીન જૈન આગમગ્રંથોમાં જે અનુશ્રુતિ જળવાઈ છે, તે પુરાણોની અનુશ્રુતિ સાથે ઠીક ઠીક સામ્ય ધરાવે છે, છતાં કેટલીક બાબતોમાં એ જુદી પણ પડે છે. આથી કૃષ્ણ અને દ્વારકા વિશે આ જૈન આગમગ્રંથો પણ એક અગત્યનો સ્રોત બની રહે છે.

જૈન મૂળ આગમગ્રંથો સાથે તે સૌ પરનું આગમિક સાહિત્ય—નિર્યુક્તિઓનો, ભાષ્યોનો, અને ચૂર્ણિઓનો—સમાવેશ તો સ્વાભાવિક રીતે થાય જ, પણ આ લેખમાં મૂળ ગ્રન્થો પરની આઠમી સદી સુધી લખાયેલી વૃત્તિઓમાં ઉપલબ્ધ થતી સામગ્રીનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. તે પછીની મધ્યકાલીન વૃત્તિઓમાં પાછળની અનુશ્રુતિ ભળી જતી હોવાથી, તે એટલી શ્રદ્ધેય ન ગણાય, છતાં કેટલીક વાર ખૂટતી બાબતોની પૂર્તિ કરવા માટે, તેમનામાં મળતી સામગ્રીનો પણ ઉપયોગ કરવો પડ્યો છે.

પૌરાણિક અનુશ્રુતિમાં ખાસ કરીને, **મહાભારત**માં અને **હરિવંશ**માં કૃષ્ણ અને દ્વારકા વિશે મળતી માહિતી વધારે પ્રાચીન અને આધારભૂત ગણાય, તેથી તેની સાથે જૈન આગમમાં મળતી માહિતીની અહીં સરખામણી કરી છે.

**કૃષ્ણ નવમા વાસુદેવ તરીકે :**

જૈન આગમગ્રંથોમાં વારંવાર નવ વાસુદેવ અને નવ બલદેવ ગણાવવામાં આવે છે, તેમાં કૃષ્ણનો ઉલ્લેખ નવમા વાસુદેવ તરીકે થાય છે[૧]. આ નવ વાસુદેવનાં નામ **આવશ્યકનિર્યુક્તિ(આ૦ નિ૦)** (પ્રાયઃ ઈસ્વી ૫૨૫)માં નીચે પ્રમાણે મળે છે : ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુંડરીક દત્ત, નારાયણ અને કૃષ્ણ[૨]. આગમગ્રંથોમાં નવમા વાસુદેવ કૃષ્ણના માતાપિતા તરીકે દેવકી અને વસુદેવનું, પ્રતિશત્રુ તરીકે જરાસંધનું, નિદાનભૂમિ તરીકે હસ્તિનાપુરનું, અને નિદાનકારણ તરીકે માતાનું નામ આપવામાં આવ્યું છે. **આ૦નિ૦**માં પૂર્વભવમાં તેમનું નામ ગંગદત્ત, અને ગોત્ર ગૌતમ હતું તેમ જણાવ્યું છે[૩]. કૃષ્ણ અરિષ્ટનેમિના-બાવીસમા તીર્થંકર નેમિનાથના સમકાલીન હતા તેમ જૈન આગમો દર્શાવે છે[૪] બલદેવ અને કૃષ્ણનો રામ અને કેશવ નામના બે ભાઈઓ તરીકે ઉલ્લેખ આ ગ્રંથોમાં મળે છે[૫] કૃષ્ણ મોટે ભાગે 'કૃષ્ણ વાસુદેવ' તરીકે જ ઓળખાય છે.

આ નવ વાસુદેવ ઉપરાંત **'જ્ઞાતાધર્મકથાંગ'** સૂત્ર **(જ્ઞા૦ ધ૦)**(ગુપ્તયુગનો પ્રારંભ)માં એક કપિલ વાસુદેવનો પણ ઉલ્લેખ મળે છે. કૃષ્ણ અમરકંકા નગરીના રાજા પદ્મનાભને હરાવી, તેની પાસેથી દ્રૌપદીને પાછી લાવવા ગયા, ત્યારે ચંપાનગરીના રાજા કપિલ વાસુદેવ કૃષ્ણને ખાસ મળવા ગયા હતા, અને બંનેએ સામસામા પાંચજન્ય શંખ વગાડ્યા હતા[૬].

**મહાભારત** (ઈસ્વી પૂર્વે બીજી શતાબ્દીથી ઈસ્વી ૩૦૦)માં, **હરિવંશ**(૬-૭મી સદી)માં, કે પુરાણોમાં આ નવ વાસુદેવનાં નામ મળતાં નથી. કૃષ્ણ ઉપરાંત એક પૌંડ્રક વાસુદેવનું નામ **મ૦ ભા૦**માં અને **ભાગવત પુરાણ**માં મળે છે. તે કૃષ્ણ જેવાં શંખચક્રનાં ચિહ્નો રાખતો હતો અને વંગ, પુંડ્ર, અને કિરાત રાજ્યોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા હતો[૭]. કૃષ્ણે એનો વધ કર્યો હતો. **બ્રહ્મવૈવર્તપુરાણ**(૭મી સદી ?)માં કૃષ્ણને હાથે જેનો વધ થયો હતો, એવા એક શૃગાલ વાસુદેવનો પણ ઉલ્લેખ છે[૮].

**જ્ઞા૦ધ૦**માં નિર્દિષ્ટ કપિલ વાસુદેવ અને **હરિવંશ**(૨. ૧૦૩.૨૬)માં વર્ણવેલ કપિલ કદાચ એક હોઈ શકે. વાસુદેવને સુગન્ધી નામની દાસીથી થયેલા કપિલ નામના આ પુત્રે પ્રવ્રજ્યા લીધી હતી અને વનમાં જઈને રહ્યા હતા[૯].

**કૃષ્ણના પૂર્વજો :**

પ્રાચીન જૈન આગમો કૃષ્ણના પૂર્વજ યાદવોની વંશાવળી પણ આપતા નથી[૧૦] કે કૃષ્ણના પૂર્વજ તરીકે યદુનો નિર્દેશ પણ કરતા નથી. આ ગ્રંથોમાં કૃષ્ણના પિતા વસુદેવનો દાશાર્હ તરીકે નિર્દેશ મળે છે[૧૧].

**'અંતકૃદ્દશા'**૦ (અં૦દ૦) (ઈસ્વી ૧૦૦-૩૦૦)ના પ્રથમ વર્ગમાં અન્ધકવૃષ્ણિના દસ પુત્રો—ગૌતમ, સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેન અને વિષ્ણુ—ગણાવ્યા છે. બીજા વર્ગમાં અક્ષોભ, સાગર, સમુદ્ર, હિમવન, અચલ, ધરણ, પૂરણ અને અભિચન્દ્ર એમ આઠ પુત્રોનાં નામ છે, પણ તેમાં વસુદેવનું નામ નથી[૧૨]. **પ્રશ્નવ્યાકરણસૂત્ર**(પ્ર૦ વ્યા૦) (ઈસ્વી ૭મી સદી)માં વસુદેવ અને સમુદ્રવિજય બંનેને દશાર્હો ગણાવ્યા છે[૧૩], પણ તેમને ભાઈઓ તરીકે દર્શાવ્યા નથી. ઠેઠ **વસુદેવહિંડી** (ઈસ્વી ૬ઠ્ઠી શતાબ્દી મધ્યભાગ)માં અંધકવૃષ્ણિના દસ પુત્રોમાં સમુદ્રવિજયને જ્યેષ્ઠ તરીકે અને વસુદેવને સૌથી નાના પુત્ર તરીકે ગણાવ્યા છે[૧૪].

પ્રાચીનતમ આગમગ્રંથોમાંના એક **ઉત્તરાધ્યયનસૂત્ર**(ઉ૦ સૂ૦)(ઈસ્વીસનનો આરંભકાળ)માં અરિષ્ટનેમિના સંદર્ભમાં વસુદેવ, કૃષ્ણ, બલદેવનો નિર્દેશ છે[૧૫], પણ એમની વચ્ચેની સગાઈ દર્શાવાઈ નથી.

જૈન પરંપરામાં અંધકો, ભોજો, અને વૃષ્ણિઓ એ ત્રણ યાદવકુલોને લગતી અનુશ્રુતિઓનું મિશ્રણ થઈ ગયું લાગે છે, તેથી અંધકવૃષ્ણિની જેમ ભોજવૃષ્ણિનો પણ રાજા તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. ઉગ્રસેનને ભોજવૃષ્ણિના પુત્ર ગણાવ્યા છે, અને તેમના સંતાનોમાં કંસ અને અતિમુક્ત એમ બે પુત્ર હતા, રાજિમતી અને સત્યભામા બે પુત્રીઓ હતી. આ પરંપરામાં દેવકીને મૃત્તિકાવતીના રાજા દેવકની પુત્રી ગણાવી છે[૧૬].

પૌરાણિક પરંપરામાં, અંધક અને વૃષ્ણિનાં નામો, ભીમ સાત્વતના પુત્રોનાં નામ તરીકે મળે છે. વૃષ્ણિના પુત્ર દેવમીઢુષના પુત્ર શૂરના વંશમાં વસુદેવને જન્મેલા દર્શાવ્યા છે. દેવકી, અંધકના પુત્ર કુક્કુરના વંશમાં થયેલા દેવકની પુત્રી છે, અને તે કંસના કાકાની પુત્રી થાય છે[૧૭].

જૈન પરંપરા પ્રમાણે આ દાશાર્હો પહેલાં કુશાવર્તની રાજધાની શૌરિયપુરમાં અને ત્યારપછી દ્વારકામાં રહેતા હતા. શૌરિયપુર (કૃષ્ણપુર) મથુરાની પાસે આવેલું હતું અને તેના મુખ્ય રાજાઓ સમુદ્રવિજય અને વસુદેવ ગણાતા હતા[૧૮]. **દશવૈકાલિકસૂત્ર** પરની **હારિભદ્રીયવૃત્તિ**(દ૦ વૈહા૦)(પ્રાયઃ ઈસ્વી ૭૫૦)માં આ દાશાર્હોને હરિવંશના રાજાઓ કહ્યા છે[૧૯] એ ધ્યાનમાં રાખવા જેવું છે કે અહીં 'હરિ' નામ શ્રીકૃષ્ણના અર્થમાં પ્રયોજાયું નથી, પણ **હરિવંશપુરાણ**માં જણાવ્યા પ્રમાણે યાદવોના પૂર્વજ હરિ નામે હતા અને તેથી આ વંશને 'હરિવંશ' કહ્યો છે[૨૦].

**મહાભારત**માં કહ્યું છે કે યાદવો જરાસંધના આક્રમણના ભયથી મથુરા તજીને દ્વારકા ગયા. જૈન પરંપરામાં પણ **દશવૈકાલિકચૂર્ણિ**(દ૦હા૦ચૂ૦)(૭મી સદી)માં આ જ પ્રમાણે નિર્દેશ મળે છે[૨૧].

**પ્રશ્નવ્યાકરણ**માં કૃષ્ણને વસુદેવ, સમુદ્રવિજય આદિ દાશાર્હોના હૃદયદયિત કહ્યા છે[૨૨], તે દાશાર્હોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનું આગવું સ્થાન દર્શાવે છે. જૈન અનુશ્રુતિ પ્રમાણે દાશાર્હવંશનો વૃત્તાંત પ્રાચીન સમયથી જળવાયો છે અને તે **દષ્ટિવાદ** નામના લુપ્ત થયેલા બારમા અંગમાં હતો. **સમવાયસૂત્ર**(પ્રાયઃ ઈસ્વી ૩૫૩/૩૬૬)માં પણ કહ્યું છે કે **દષ્ટિવાદના ગંડિકાનુયોગ**માં દાશાર્હગંડિકાઓમાં, સમુદ્રવિજયથી લઈને વાસુદેવના પૂર્વજન્મનું કથન થયું હતું[૨૩]. પૌરાણિક પરંપરામાં, યદુવંશનો વૃત્તાંત **હરિવંશ**ના ૨૩થી ૨૮ અધ્યાયમાં મળે છે.

## વસુદેવની પત્નીઓ અને પુત્રો :

જૈન આગમગ્રંથોમાં વસુદેવની ત્રણ પત્નીઓ ગણાવી છે. **અં૰ દ૰**માં વસુદેવની ધારિણી અને દેવકી અને એ બેનો ઉલ્લેખ છે[૨૪], અને ઉ૰ સૂ૰ માં તેમની દેવકી અને રોહિણી એમ બે પત્નીઓ ગણાવી છે[૨૫]. ઉત્તરાધ્યયનસૂત્ર પરની નેમિચંદ્રની વૃત્તિ(ઉ૰ સૂ૰ ને)માં કૃષ્ણને ભૂલથી બાણ વડે વીંધનાર જરાકુમાર અથવા જરત્કુમારને વસુદેવની જરા નામની પત્નીનો પુત્ર ગણાવ્યો છે[૨૬].

**અં૰દ૰** અને **ઉ૰સૂ૰**માં કૃષ્ણને દેવકીના પુત્ર કહ્યા છે. તે દેવકીના સાતમા પુત્ર હતા. દેવકીના પહેલા છ પુત્રોને હરિણૈગમિષી (હરિનેગમેષ) દેવે સુલસાના મૃત પુત્રોની જગ્યાએ મૂકી દીધા હતા. પોતાના છએ પુત્રોએ દીક્ષા લીધેલી જોઈ, દેવકીને ખૂબ દુઃખ થયું, તેથી કૃષ્ણે હરિણૈગમિષી દેવની આરાધના કરી, ગજસુકુમાર નામના ભાઈને મેળવ્યો. આ ગજસુકુમારનો વિવાહ સોમિલ બ્રાહ્મણની પુત્રી સોમા સાથે થયો હતો, પરંતુ ગજસુકુમારે લગ્ન પહેલાં દીક્ષા લીધી, તેથી સોમિલે એમના મસ્તક પર અંગારા મૂક્યા અને એ જ રાત્રે એમણે મુક્તિ પ્રાપ્ત કરી[૨૭].

પૌરાણિક પરંપરા પ્રમાણે વસુદેવને ૧૧ રાણીઓ હતી જેમાંના રોહિણી અને દેવકી એ બે નામ જૈન અનુશ્રુતિ સાથે મળતાં આવે છે. પૌરાણિક પરંપરા પ્રમાણે કંસે દેવકીનાં છ સંતાનોનો વધ કર્યો હતો. દેવકીનું સાતમું સંતાન એક પુત્રી હતી, જેનું કંસે શિલા પર પછાડી મૃત્યુ નિપજાવ્યું હતું, અને શ્રીકૃષ્ણ દેવકીના આઠમા સંતાન હતા અને જરા એ વસુદેવનો વનરાજિ નામની દાસીથી થયેલો પુત્ર હતો. આ જરા કુશળ બાણાવળી તરીકે નિષાદોમાં પ્રસિદ્ધ હતો. કૃષ્ણને મારનાર જરા નામનો પારધિ અને આ જરા બંને એક વ્યક્તિ હોય તે અસંભવિત નથી[૨૮]. જો આમ હોય તો આ બાબતમાં પણ પૌરાણિક પરંપરા જૈન પરંપરાની નજીક આવે છે, કારણ કે કૃષ્ણને મારનાર જરા બંને પરંપરા પ્રમાણે તેમનો સાવકો ભાઈ થાય.

વસુદેવ અને ધારિણીના પુત્રોનાં નામ **અં૰ દ૰**માં ત્રણ સ્થળે મળે છે. પ્રથમ વર્ગમાં, સારણનું નામ મળે છે, ત્રીજા વર્ગમાં દારુક અને અનાદિષ્ટિનાં નામ મળે છે, અને ચોથા વર્ગમાં જાલિક, મયાલિ, ઉપયાલિ, પુરુષસેન અને વારિષેણનાં નામ મળે છે[૨૯].

**અં૰ દ૰** અને **વૃષ્ણિદશા(વૃ૰ દ૰)**(પ્રાયઃ કુષાણ-ગુપ્તકાળ)માં દર્શાવ્યા પ્રમાણે રોહિણીના પુત્ર અને કૃષ્ણના ભાઈ બલદેવને ધારિણી અને રેવતી નામે બે પત્નીઓ હતી, ધારિણીથી એમને સુમુખ, દુર્મુખ અને કૂપદારક નામના ત્રણ પુત્રો થયા અને રેવતીથી નિષધ નામે પુત્ર થયો, જેણે સંસાર ત્યજી અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી[૩૦].

જૈન આગમોમાં દારુકને કૃષ્ણના ભાઈ તથા સારથિ તરીકે જણાવ્યા છે[૩૧], જ્યારે પૌરાણિક પરંપરામાં તેમને માત્ર કૃષ્ણના સારથિ તરીકે દર્શાવ્યા છે.

## કૃષ્ણની ઊંચાઈ, આયુષ્ય, વર્ણ, વસ્ત્રો, શંખ, ચક્ર, ધ્વજા આદિ :

**સ્થાનાંગસૂત્ર (સ્થા૰ સૂ૰)** અને બીજા આગમોમાં, કૃષ્ણની ઊંચાઈ દશ ધનુષપ્રમાણ દર્શાવી છે, તેમનું આયુષ્ય એક હજાર વર્ષનું હતું, એમ આ ગ્રંથો જણાવે છે. કૃષ્ણ વાસુદેવનો વર્ણ શ્યામ હતો અને તેમનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્ત્રોનો રંગ પીળો હતો તેમજ તેમનું વક્ષ:સ્થળ શ્રી વત્સાંકિત હતું, એમ પણ આ ગ્રંથો જણાવે છે[૩૨]. તેમનાં રંગ અને વસ્ત્રો વગેરે અંગેની વિગત પૌરાણિક પરંપરા સાથે મળતી આવે છે, તે સ્પષ્ટ છે. કારણ કે એમાં પણ કૃષ્ણ શ્યામરંગના હતા અને પીતાંબર ધારણા કરતા હતા એવું નિરૂપણ છે.

પૌરાણિક પરંપરાની જેમ જૈન ગ્રંથો પણ તેમને 'શંખ'ચક્ર' ગદા ધારણ કરનાર રૂપે દર્શાવે છે. **જ્ઞાતાધર્મકથા**માં જણાવ્યા અનુસાર તેમના શંખનું નામ પાંચજન્ય અને ધનુષ્યનું નામ શાર્ઙ્ગ હતું. દ્રૌપદીને હરી ગયેલા પદ્મનાભને ભય પામડવા તેમણે પાંચજન્ય શંખ વગાડ્યો હતો અને શાર્ઙ્ગધનુષ્યનો ટંકાર કર્યો હતો. તેમની શ્વેતપીત પતાકાનો પણ આ ગ્રંથમાં નિર્દેશ થયો છે. જૈન આગમ ગ્રંથોમાં બલદેવને અને તેમને અનુક્રમે 'તાલ' અને 'વૈનતેય'થી અંકિત ધ્વજવાળા તેમજ હલમુસલ અને ચક્રથી લડનાર તરીકે જણાવ્યા છે[૩૩]. પૌરાણિક પરંપરામાં, **પદ્મપુરાણ**(અ૦ ૮૬)માં કૃષ્ણના આ વૈનતેય-ધ્વજનો ઉલ્લેખ મળે છે. જૈન પરંપરામાં કૃષ્ણને સુદર્શનચક્રનો ઉપયોગ, દ્રૌપદીના અપહરણ જેવા કટોકટીના પ્રસંગે પણ, કરતા દર્શાવાયા નથી, એ બાબત નોંધવા જેવી છે.

**કૃષ્ણની ભેરીઓ :**

જૈન આગમગ્રંથોમાં કૃષ્ણની કુલ છ પ્રકારની ભેરીઓનો ઉલ્લેખ મળે છે : આગમિકા, ઉત્ક્ષિપ્તા, કૌમુદી, અશિવોપશમની, સામુદાનિક, અને સાંનાહિક. આમાંથી પ્રથમ ચાર ભેરીનો નિર્દેશ **આવશ્યકચૂર્ણિ (આ૦ચૂ૦)**(પ્રાયઃ ઈસ્વી ૬૦૦-૬૫૦) વગેરે ગ્રંથોમાં સાથે મળે છે. આ ચારે ભેરીઓ ગોશીર્ષચન્દનમય અને દેવતાઓથી પરિગૃહીત હતી. તેમને દ્વારકાની સુધર્મા સભામાં રાખવામાં આવતી હતી. સામુદાનિક ભેરીનો ઉલ્લેખ **વૃ૦દ૦**માં મળે છે. કૌમુદી ભેરીનો તથા સામુદાનિક ભેરીનો ઉપયોગ શુભપ્રસંગોએ, જેવા કે અરિષ્ટનેમિના દ્વારકામાં આગમન પ્રસંગે, લોકોને એકઠા કરવામાં થતો હતો. યુદ્ધ કે કટોકટીના પ્રસંગે યોદ્ધાઓને બોલાવવા માટે, જેમકે દ્રૌપદીના અપહરણ પ્રસંગે, સાંનાહિક ભેરીને વગાડવામાં આવતી હતી[૩૪].

આ બધામાં અશિવોપશમની ભેરી વિશિષ્ટ હતી. તેનો એવો મહિમા હતો કે દર છ મહિને જ્યારે તેને વગાડવામાં આવે ત્યારે બાર યોજન સુધીમાં તે પહેલાં થયેલા રોગો મટી જાય અને પછીના છ મહિના સુધીમાં રોગનો ઉપદ્રવ થાય નહીં. આ ભેરી કૃષ્ણને કઈ રીતે મળી તે બાબત, તથા તેના વાદકે પૈસા લઈને તેના ટુકડા બધાને વહેંચતાં, તે ચંદનકથા કેવી રીતે બની તે વાત ચંદનકથાની ગાથા તરીકે પ્રસિદ્ધ છે, અને **આ૦ચૂ૦**માં વિગતે ઉપલબ્ધ થાય છે[૩૫].

પૌરાણિક પરંપરામાં કૃષ્ણની ભેરીઓ વિશે ખાસ નોંધપાત્ર ઉલ્લેખ મળતો નથી.

**કૃષ્ણ વાસુદેવના ગુણો :**

કૃષ્ણના અનેક ગુણો જૈન આગમગ્રંથોમાં વર્ણવવામાં આવ્યા છે. **આચારાંગચૂર્ણિ(આ૦ચૂ૦)** (પ્રાયઃ ઈસ્વી ૬૭૫-૭૦૦)માં કૃષ્ણને અનંતગુણોવાળા કહેવામાં આવ્યા છે. **સ૦સૂ૦**માં જણાવ્યા પ્રમાણે કૃષ્ણની ૫૪ મહાપુરુષોમાં ગણના થઈ છે, માટે તેમને ઉત્તમ કહ્યા છે, તીર્થંકરની અપેક્ષાએ મધ્યમ છે, માટે તેમને મધ્યમ કહ્યા છે અને સમકાલીનોમાં શૌર્યની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ હોવાથી તેમને પ્રધાનપુરુષ ગણાવવામાં આવ્યા છે. **'સ૦સૂ૦'** અને **'પ્ર૦વ્યા૦'**માં, કૃષ્ણને યશસ્વી, સમુત્ક્રોશ, મત્સરરહિત, અભ્યુપગતવત્સલ, અચપલ, અચંડ, ધનુર્ધર, ગંભીર વગેરે વિશેષણોથી વર્ણવવામાં આવ્યા છે. **આ૦ચૂ૦**માં તેમને કર્મનું બંધન કરનારા અર્થોથી સાવધ રહેનારા તેથી અમૂર્ચ્છિત કહ્યા છે[૩૬].

તેમના આ ગુણોની પ્રતીતિ કરાવતા અનેક પ્રસંગો પણ જૈન ગ્રંથોમાં મળે છે. તેમના ભક્ત વીરક વણકર પ્રત્યે કૃષ્ણે જે અનુકંપા દાખવી, તે તેમની સાનુક્રોશતા દર્શાવે છે. **અં૦દ૦**માં જણાવ્યા પ્રમાણે તેમણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વૃદ્ધ માણસને ઈંટો ઉપાડવામાં મદદ કરી હતી. પાંડવોની મદદે જઈને, તેમણે પદ્મનાભને નસાડી, દ્રૌપદીને અમરકંકામાંથી પાછી આણી હતી. આ જ રીતે પોતાને મારનાર જરાકુમારને અંતકાળે પણ કૃષ્ણે કહ્યું કે બલદેવ આવે તે પહેલાં તમે જતા રહો, નહીં તો બલદેવ તમને મારી નાખશે. આ પ્રસંગ તેમની અપાર કરુણાપ્રધાન પ્રકૃતિનો ખ્યાલ આપે છે. વળી જરાકુમાર જોડે કૃષ્ણ પાંડવોને કૃષ્ણ સંદેશો આપે છે કે મેં તમને દેશનિકાલ કર્યાના મારા અપરાધને માફ કરજો[૩૭].

**પ્રકીર્ણકદશક** (પ્ર૦દ૦) અને **ઉત્તરાધ્યયનચૂર્ણિ**(ઉ૦ચૂ૦)(પ્રાયઃ ઈસ્વી ૬૭૫-૭૦૦)માં દર્શાવ્યું છે કે કૃષ્ણે ક્રોધને પણ જીત્યો હતો. જૈન આગમોમાં પ્રસિદ્ધ ચંદનકંથાની કથામાં એવો ઉલ્લેખ છે કે ઇન્દ્રદેવે પણ કૃષ્ણનાં વખાણ કર્યાં કે તે કોઈના અવગુણ ગ્રહણ કરતા નથી અને નીચ કર્મ કરતા નથી. કૃષ્ણના ગુણોની કસોટી કરવા એક દેવે તેમના રસ્તામાં એક શ્વાનનો વિકૃત અને દુર્ગંધ મારતો મૃતદેહ મૂક્યો, તો કૃષ્ણે તેના મોતી જેવા દાંતની પ્રશંસા કરી. ઉપર્યુક્ત પ્રસંગો તેમના ઉદાત્ત ગુણોની ખાતરી કરાવે છે[૩૮].

પૌરાણિક પરંપરામાં કૃષ્ણના આવા સદ્ગુણો અને તે સદ્ગુણોને દર્શાવતા પ્રસંગો અનેક ગ્રંથોમાં નિરૂપાયા છે, પણ ખાસ કરીને, **મહાભારત**ના ''સભાપર્વ''માં, જ્યાં કૃષ્ણનું આખું વ્યક્તિત્વ કસોટીએ ચડ્યું છે, ત્યાં શિશુપાલને પડકારતાં, ભીષ્મે વર્ણવેલા સદ્ગુણો ખાસ નોંધપાત્ર છે[૩૯].

**કૃષ્ણનાં પરાક્રમો :**

**મહાભારત, હરિવંશ,** અને પુરાણોમાં, શ્રીકૃષ્ણનાં વ્રજમાં કરેલાં અદ્ભુત પરાક્રમો, મથુરામાં કરેલાં ચાણૂરમર્દન, કંસવધ વગેરે અનેક પરાક્રમો અને દ્વારકામાં વસ્યા બાદ કરેલાં રુક્મિણીહરણ, નરકાસુરવધ, બાણાસુરપરાભવ, શિશુપાલવધ વગેરે પરાક્રમોનો વિગતે ઉલ્લેખ મળે છે : પરંતુ આ પરાક્રમોમાંથી ઘણાં ઓછાંનો નિર્દેશ જૈન આગમોમાં મળે છે. **પ્ર૦વ્યા૦**માં કૃષ્ણનાં નીચેનાં પરાક્રમોનો ઉલ્લેખ મળે છે[૪૦]. ચાણૂર અને અરિષ્ટનું મર્દન, કેશિવધ, નાગદમન, યમલાર્જુનભંજન, શકુનિ અને પૂતનાનું મર્દન, કંસનો મુકુટભંગ, અને જરાસંધના માનનું મથન. અહીં કંસનો મુકુટ ખેંચીને, નીચે પાડી, તેનો વધ કર્યો, તે પ્રસંગનું સૂચન ગણી શકાય. બાકી પ્રાચીન જૈન ગ્રંથોમાં કૃષ્ણે કરેલા કંસવધનો સ્પષ્ટ ઉલ્લેખ નથી.

કંસના પરાભવ પછી મથુરાક્ષેત્રને ભયજનક સમજી દશાર્હવર્ગ મથુરા છોડીને દ્વારવતી ગયો, એટલો જ **દશવૈકાલિકસૂત્ર** પરની **હારિભદ્રીયા વૃત્તિ**(પ્રાયઃ ઈસ્વી ૭૫૦)માં ઉલ્લેખ છે[૪૧]. આમ કૃષ્ણના પૂર્વચરિતમાંનાં કેટલાંક પરાક્રમોનો ઉલ્લેખ અને ઉત્તરચરિતમાંના માત્ર રુક્મિણીહરણનો ઉલ્લેખ જૈન આગમોમાં મળે છે. કૃષ્ણે કરેલા રુક્મિણીહરણના પરાક્રમનો નિર્દેશ **પ્ર૦વ્યા૦**માં મૈથુનમૂલસંગ્રામોની યાદીના સંદર્ભમાં થયો છે. **પ્ર૦વ્યા૦**ના વૃત્તિકાર જ્ઞાનવિમલે કૃષ્ણે રુક્મિણીહરણ કેવી રીતે કર્યું, તેની તથા તેમને તેના ભાઈ તથા શિશુપાલ જોડે થયેલા સંગ્રામની મુખ્ય વિગતો આપી છે[૪૨].

પૌરાણિક પરંપરામાં રુક્મિણીહરણનું વિગતવાર નિરૂપણ **હરિવંશ**ના ૮૭ અને ૮૮ અધ્યાયમાં વિગતે થયું છે.

**જ્ઞા૦ધ૦** અને અન્ય આગમોમાં કૃષ્ણે દ્રૌપદીના અપહરણ પ્રસંગે જે પરાક્રમો કરીને તેને પાછી લાવ્યા તે વૃત્તાંત વિગતે નિરૂપાયો છે. પાંડવપત્ની દ્રૌપદીએ નારદને મિથ્યાદષ્ટિ માની તેમનો સત્કાર ન કર્યો તેથી તેમણે અમરકંકાના રાજા પદ્મનાભને તેનું અપહરણ કરવા પ્રેર્યો. પાંડવોએ આ પ્રસંગે કૃષ્ણની સહાય માગતાં તેમણે સુસ્થિત દેવની આરાધના કરીને બે લાખ યોજન પ્રમાણ લવણ સમુદ્રને ઓળંગ્યો, અને નરસિંહનું રૂપ વિકુર્વીને અમરકંકા નગરીને ભાંગી પદ્મનાભને નસાડ્યો અને દ્રૌપદીને પાછી લઈ આવ્યા. **સ્થાનાંગસૂત્ર**ના ટીકાકાર અભયદેવે (ઈસ્વી ૧૦૬૨) અને **કલ્પસૂત્ર**ના ટીકાકાર ધર્મસાગરે (૧૬મી-૧૭મી સદી) 'પદ્મનાભ'ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે 'પદ્મરાજ', જ્યારે '**કલ્પસૂત્ર**'ના બીજા ટીકાકાર શાંતિસાગરે (૧૭-૧૮મી સદી) 'પદ્મોત્તર' નામ આપ્યું છે[૪૩].

**મહાભારત**(૨.૨૫૨.૨૫૫)માં જયદ્રથે કરેલા દ્રૌપદીના અપહરણનો પ્રસંગ મળે છે, પણ તેમાં કૃષ્ણનો ક્યાંય ઉલ્લેખ નથી. કૃષ્ણ સમુદ્ર પાસેથી માર્ગ મેળવી ઉત્તરકુરુ ગયા, ત્યાં સાત પર્વતો પાસેથીયે માર્ગ મેળવ્યો ને તમસનેય ભેદી બ્રાહ્મણના મૃત પુત્રો લઈ આવેલા, તેમના **હરિવંશ**(અ૦ ૧૦૧-૧૦૩)માં વર્ણવેલા તે પરાક્રમને જૈન આગમોમાં આપેલા લવણસમુદ્ર ઓળંગવાના પરાક્રમ સાથે સરખાવી શકાય.

**કૃષ્ણ દ્વારકાના રાજા તરીકે :**

જૈન અનુશ્રુતિ પ્રમાણે કૃષ્ણ દ્વારકાના રાજા હતા. કૃષ્ણ વાસુદેવ સમુદ્રવિજય પ્રમુખ દશ દશાર્હોના, બલદેવપ્રમુખ પાંચ મહાવીરોના, ઉગ્રસેનપ્રમુખ સોળ હજાર રાજાઓના, પ્રદ્યુમ્નપ્રમુખ સાડા ત્રણ કરોડ કુમારોના, સાંબપ્રમુખ છ હજાર દુર્દાન્ત શૂરવીરોના, વીરસેનપ્રમુખ ૨૧ હજાર વીરોના, મહાસેનપ્રમુખ ૫૬ હજાર બળવાનોના, રુક્મિણીપ્રમુખ ૧૬ હજાર દેવીઓના તથા અનંગસેનાપ્રમુખ અનેક હજાર ગણિકાઓના ઉપર તથા વૈતાઢ્યગિરિ અને સાગરથી મર્યાદિત અર્ધભરત ઉપર આધિપત્ય ભોગવતા હતા[૪૪].

**જ્ઞા૦ધ૦**માં દ્રૌપદી સ્વયંવર પ્રસંગે ભેગા થયેલા સમસ્ત રાજાઓનો નિર્દેશ ''કૃષ્ણપ્રમુખ રાજાઓ'' એ રીતે કરવામાં આવ્યો છે : અને કાંપિલ્યનગરના દ્રુપદ રાજાએ તથા હસ્તિનાપુરના પાંડુરાજાએ કૃષ્ણનો ખૂબ આદરસત્કાર કર્યો હતો તે દર્શાવે છે કે સમકાલીન રાજાઓમાં તે આદરણીય ગણાતા હતા. તેમનો પ્રભાવ એટલો બધો હતો કે તેમના પ્રતિશત્રુઓ તેમને મારવા ચક્ર મોકલે, તે ચક્ર કૃષ્ણને પગે લાગીને પાછાં પ્રતિશત્રુઓને જ હણતાં હતાં[૪૫].

પૌરાણિક પરંપરામાં કૃષ્ણ અને નારદનો ઘનિષ્ઠ સંબંધ દર્શાવાયો છે (**હરિવંશ,** અ૦ ૯૭-૧૦૦). આ જ રીતે જૈન પરંપરામાં પણ કૃષ્ણ અને નારદને વારંવાર મળતા દર્શાવાયા છે. નારદ દ્વારકામાં ઘણી વાર આવતા હતા. કૃષ્ણે એક વાર નારદને શૌચ એટલે શું એમ પૂછ્યું તો તેમણે સીમંધરસ્વામીને પૂછી આવીને કહ્યું કે સત્ય એ શૌચ છે. ફરી કૃષ્ણે એમને સત્ય વિશે પૂછતાં, તે વિચારવા માંડ્યા, તેમ કરતાં તેમને જાતિસ્મરણ થયું અને તે સંબુદ્ધ થયા[૪૬].

**મહાભારત**માં મળતા નિર્દેશ પ્રમાણે કૃષ્ણ કદી રાજા બન્યા નથી. સભાપર્વમાં, રાજસૂય યજ્ઞ પ્રસંગે, જ્યારે શ્રીકૃષ્ણનું શ્રેષ્ઠપુરુષ તરીકે પ્રથમ પૂજન કરવાનો પ્રસ્તાવ આવ્યો, ત્યારે શિશુપાલે આ જ મુદ્દા પર વાંધો ઉઠાવ્યો હતો, કે તે રાજા નથી. પૌરાણિક પરંપરા પ્રમાણે તેમણે રાજ્યની લાલસા કદી રાખી ન હતી (**હરિવંશ** અ૦ ૭૮) તેમ છતાં તે રાજાઓના ઉપરી બનશે તેવી અક્રૂરની આગાહી તેમણે સાચી પાડી. (**હરિવંશ** અ૦ ૬૮ શ્લોક૦ ૩૧). જૈન આગમોમાં વસુદેવ, કૃષ્ણ આદિ બધાંને રાજા કહેવામાં આવે છે, તેથી લાગે છે કે તે વખતે દ્વારકામાં ગણતંત્ર પ્રકારનું શાસન હશે અને બધા ગણસભ્ય રાજા કહેવાતા હશે. જેમ ગૌતમના પિતા શુદ્ધોદન અને મહાવીરના પિતા સિદ્ધાર્થ માટે ગણમુખ્યના અર્થમાં 'રાજા' શબ્દ વપરાયો છે, તેમ કૃષ્ણને એ જ અર્થમાં રાજા કહ્યા લાગે છે. જો આમ હોય તો જૈન અનુશ્રુતિ પૌરાણિક અનુશ્રુતિની નજીક આવે છે.

**કૃષ્ણની પટરાણીઓ અને પુત્રો :**

શ્રીકૃષ્ણને ૧૬ હજાર રાણીઓ હતી એવો ઉલ્લેખ જૈન આગમોમાં પણ મળે છે[૪૭]. તેમાં કૃષ્ણ આ સમૂહને શા માટે પરણ્યા, તેનો નિર્દેશ નથી. **મહાભારત અને હરિવંશ** વગેરે (અ૦ ૯૪)માં જણાવ્યા પ્રમાણે કૃષ્ણ નરકાસુરનો વધ કરી, તેના કારાગારમાંથી મુક્ત થયેલી આ કન્યાઓને પરણ્યા[૪૮].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અં૰દ૰**માં તેમની મુખ્ય આઠ પત્નીઓનાં નામ નીચે પ્રમાણે મળે છે : પદ્માવતી, ગૌરી, ગાંધારી લક્ષ્મણા, સુસીમા, જાંબવતી, સત્યભામા, અને રુક્મિણી. આ ગ્રંથમાં પદ્માવતીને મુખ્ય રાણી તરીકે જણાવી છે અને પદ્માવતી તેમજ ગૌરીની પ્રવ્રજ્યા નિરૂપી છે **જ્ઞા૰ધ૰**, **વૃ૰દ૰**, અને **ઉ૰સૂ૰ને૰**માં રુક્મિણીને મુખ્ય કહી છે. **પ્ર૰વ્યા૰**માં મૈથુનમૂલ સંગ્રામો જે સ્ત્રીઓને નિમિત્તે થયા, તેમની યાદીમાં રુક્મિણીનું નામ છે[૪૯].

પ્રાચીન જૈનગ્રંથોમાં રુક્મિણી અને જાંબવતી સિવાય બાકીની રાણીઓનો ભાગ્યે જ ઉલ્લેખ મળે છે. હેમચન્દ્રના **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત**(પ્રાયઃ ઈસ્વી ૧૧૬૬)માં ગાંધારી વિશેનો એવો ઉલ્લેખ મળે છે કે તે ગાંધારના નગ્નજિત રાજાની પુત્રી હતી.

**હરિવંશ**માં (અ૰ ૮૭-૮૮)[૫૦] કૃષ્ણની આઠ રાણીઓ આમ ગણાવી છે : રુક્મિણી, જામ્બવતી, સત્યભામા, કાલિન્દી મિત્રવિંદા, સત્યા નાગ્નજિતી, સુશીલા માદ્રી, લક્ષ્મણા અને સુદત્તા શૈલ્યા. એમાં પણ સત્યા નાગ્નજિતીને ગાંધારી કહી છે. (અ૰ ૯૩) **અં૰દ૰**માં ઉલ્લેખ મળે છે કે રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન હતો. પ્રદ્યુમ્નને સાડા ત્રણ કરોડ કુમારોમાં મુખ્ય કહ્યો છે. જાંબવતીના પુત્ર સાંબની છાપ, અહીં પણ તોફાની યુવાન તરીકેની ઊઠે છે. દ્વારવતીના ધનદેવ સાથે જેની સગાઈ થઈ હતી, એવી કમલામેલા પ્રત્યે નિષધનો પુત્ર સાગરચંદ્ર આકર્ષાયો, ત્યારે તેનું કમલામેલા સાથે મિલન કરાવવામાં સાંબનો ફાળો હતો. **આ૰ચૂ૰**માં સાંબ એક આભીર સુંદરી પર મોહિત થયો અને પછી એ પોતાની માતા હોવાનું માલૂમ પડ્યું, ત્યારે તે ખૂબ ભોંઠો પડ્યો, તે પ્રસંગ નિરૂપાયો છે[૫૧].

પૌરાણિક પરંપરા પ્રમાણે પણ રુક્મિણીના પુત્રનું નામ પ્રદ્યુમ્ન છે અને તેના પુત્રનું નામ અનિરુદ્ધ છે એમ **હરિવંશ**ના અ૰ ૯૮માં મળે છે. તે પરંપરા પ્રમાણે જામ્બવતીનો પુત્ર સાંબ દ્વારકાના નાશ સાથે સીધો સંકળાયો છે, કારણ કે સાંબ વગેરે યાદવકુમારોએ પેટ પર મુસલ બાંધી, સગર્ભા સ્ત્રીનો દેખાવ કરીને બ્રહ્મર્ષિઓની મશ્કરી કરી, તેથી તેમણે દ્વારકાના નાશનો શાપ આપ્યો[૫૨].

જૈન આગમોમાં, ખાસ કરીને **ઉ૰ચૂ૰**માં કૃષ્ણને ઢંઢણા રાણીથી થયેલા ઢંઢ નામનો પુત્ર હતો એવો ઉલ્લેખ પણ મળે છે. આ ઢંઢે અરિષ્ટનેમિ પાસે પ્રવ્રજ્યા લીધી હતી. તેમણે વ્રત લીધું હતું કે પોતાની લબ્ધિથી મળે તે આહાર લેવો. એક વાર કૃષ્ણે તેમને રસ્તામાં વંદન કર્યાં, તેથી એક શ્રેષ્ઠીએ તેમને પ્રભાવશાળી મુનિ માનીને લાડુ આપ્યા. ઢંઢ તેને પોતાની લબ્ધિથી મળેલો લાભ સમજ્યા, પણ અરિષ્ટનેમિએ તેમને સાચી સમજ પાડી યોગ્ય માર્ગે વાળ્યા[૫૩].

### કૃષ્ણ અને પાંડવો :

પૌરાણિક પરંપરાની જેમ જૈન અનુશ્રુતિમાં પણ પાંડવો કૃષ્ણને ફોઈના પુત્રો તરીકે સગા થતા હતા, અને મિત્રો તો હતા જ. આ સગાઈને લીધે જ કુન્તી, દ્રૌપદીના અપહરણ વખતે અને પાંડવોને દેશનિકાલ કર્યા ત્યારે, કૃષ્ણની મદદ માગે છે.

પૌરાણિક પરંપરાની જેમ જૈન ગ્રંથોમાં પણ કૃષ્ણ અને પાંડવોની મૈત્રી દ્રૌપદીસ્વયંવરથી શરૂ થઈ લાગે છે, કારણ કે એમની મૈત્રી દર્શાવતા બેત્રણ પ્રસંગો તે પછીના છે. જૈન પરંપરા પ્રમાણે કૃષ્ણ દ્રૌપદીના સ્વયંવરમાં ઠાઠમાઠ સાથે ગયા હતા અને લગ્ન બાદ પાંડુરાજાને ત્યાં હસ્તિનાપુર પણ ગયા હતા જ્યાં તેમનું સારું સ્વાગત થયું હતું[૫૪]. **મહાભારત** પ્રમાણે (૧.૯૦.૭૫) પાંડુરાજાના મૃત્યુ પછી દ્રૌપદીનો સ્વયંવર થયો હતો.

**જ્ઞા૰ધ૰**માં એક એવો પ્રસંગ નિરૂપાયો છે કે જેમાં પાંડવોએ કૃષ્ણનું પારખું લેવાનો પ્રયત્ન કર્યો હતો. કૃષ્ણ દ્રૌપદીના અપહરણ પ્રસંગે અમરકંકા ગયા હતા. ત્યાંથી તે પાછા ફરતા હતા, ત્યારે પાંડવોએ કૃષ્ણના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામર્થ્યનું પારખું લેવા, પોતે ગંગાનદીને પાર કર્યા બાદ હોડી છુપાવી દીધી. તે વખતે રોષે ભરાઈને કૃષ્ણે કહ્યું કે મેં બે લાખ યોજન પ્રમાણ લવણસમુદ્ર ઓળંગ્યો, પદ્મનાભને નસાડ્યો, અમરકંકાને ભાંગી, દ્રૌપદીને પાછી લાવ્યો, છતાં મારું સામર્થ્ય જાણ્યું નથી, તો હવે જાણશો." આમ કહી કૃષ્ણે તેમના રથ ભાંગી તેમને દેશનિકાલ કર્યા[૫૫]. ઉ૦ચૂ૦માં પછી આ પ્રસંગની વધારે વિગત મળે છે કે અંતકાળે કૃષ્ણે જરાકુમાર સાથે પાંડવોને સંદેશો મોકલી, તેમને દેશનિકાલ કર્યા બદલ માફી માગી હતી. **પ્રકીર્ણકદશક**માં આગળની વિગત મળે છે કે જરાકુમાર પાસેથી કૃષ્ણના કાળ કર્યાના સમાચાર સાંભળી, પાંડવોને સંવેગ થયો અને તેમણે પ્રવ્રજ્યા લીધી અને તે અરિષ્ટનેમિને દર્શને જતા હતા, ત્યાં રસ્તામાં સાંભળ્યું કે અરિષ્ટનેમિ નિર્વાણ પામ્યા છે, તેથી તેઓ શત્રુંજય પર્વત પર સંલેખના કરી કાળધર્મને પામ્યા[૫૬]. પૌરાણિક પરંપરા પ્રમાણે કૃષ્ણના પરમધામમાં ગયાની વાત સાંભળી, પાંડવો પરીક્ષિતને રાજ્ય સોંપી ઉત્તર તરફ ગયા અને હિમાલયમાં એમના દેહ પડ્યા પછી તે બધા સ્વર્ગમાં ગયા[૫૭].

**કૃષ્ણ અને અરિષ્ટનેમિ :**

જૈન આગમોમાં કૃષ્ણ અને અરિષ્ટનેમિને સમકાલીન દર્શાવ્યા છે, એટલું જ નહીં પણ તે બંનેની કર્મભૂમિ દ્વારકા હોવાને કારણે તે બન્નેનું ઘણા પ્રસંગોએ મિલન થતું દર્શાવ્યું છે[૫૮].

**વસુદેવહિંડી**માં દર્શાવ્યા પ્રમાણે, કૃષ્ણના પિતા વસુદેવ તથા અરિષ્ટનેમિના પિતા સમુદ્રવિજય બંને અંધકવૃષ્ણિના પુત્રો હતા, તેથી કૃષ્ણ અરિષ્ટનેમિના પિતરાઈ ભાઈ થયા[૫૯]. પૌરાણિક પરંપરા પ્રમાણે, અરિષ્ટનેમિના પિતા ચિત્રક તથા કૃષ્ણના પિતા વાસુદેવ બંને વૃષ્ણિના વંશમાં આઠમી પેઢીએ થયા હતા, તેથી કૃષ્ણ અને અરિષ્ટનેમિ દૂરના પિતરાઈ ભાઈ થાય[૬૦].

જૈન આગમો પ્રમાણે કૃષ્ણે જ અરિષ્ટનેમિ માટે રાજીમતીનું માગું તેના પિતા પાસે કર્યું હતું. કૃષ્ણ અરિષ્ટનેમિને વંદન કરવા અને તેમનો ધર્મોપદેશ સાંભળવા વારંવાર જતા હતા. દ્વારકાના નાશ તથા પોતાના અવસાન વિશેનું ભવિષ્ય કૃષ્ણે અરિષ્ટનેમિ પાસેથી જ જાણ્યું હતું[૬૧].

કૃષ્ણ અને અરિષ્ટનેમિને લગતો અને પ્રાચીન આગમગ્રંથોમાં ન મળતો, એક પ્રસંગ ઉત્તરાધ્યયન પરની નેમિચંદ્રસૂરિની વૃત્તિ ઉ૦સૂ૦ને૦માં નોંધાયેલ છે. અરિષ્ટનેમિએ એક વાર કૃષ્ણની આયુધશાળામાં જઈને, તેમનો શંખ ફૂંક્યો અને તેમના ધનુષ્યની પણછ ચડાવી. આ બધું સાંભળીને કૃષ્ણ ગભરાયા કે આ મારો હરીફ જાગ્યો છે અને તે મારું રાજ્ય લઈ લેશે, ત્યારે બલદેવે તેમને કહ્યું કે અરિષ્ટનેમિ તો પ્રવ્રજ્યા લેવાના છે, માટે તમે ગભરાશો નહીં. કૃષ્ણની પટરાણીઓ અરિષ્ટનેમિને સંસારમાં પલોટવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે, તેનું, તેમજ તેમના વિવાહનું અને તેમની પ્રવ્રજ્યાનું વિગતવાર નિરૂપણ પણ આ ગ્રંથમાં મળે છે[૬૨]. જૈન આગમોમાં અરિષ્ટનેમિના વિવાહ પ્રસંગનો **ઉત્તરાધ્યયનસૂત્ર**માં મળતો ઉલ્લેખ પ્રાચીન અને વધારે શ્રદ્ધેય ગણાય[૬૩].

આ ગ્રંથોમાં મળતા ઉલ્લેખ પ્રમાણે, અરિષ્ટનેમિનું નિર્વાણ તથા કૃષ્ણનું મૃત્યુ બંને નજીકના સમયમાં થયાં લાગે છે, કારણ કે ઉ૦સૂ૦ને૦ તથા '**પ્રકીર્ણકદશક**'માં જણાવ્યા પ્રમાણે કૃષ્ણના અવસાન વિશે સાંભળી સંવેગ પામી પાંડવો અરિષ્ટનેમિને વંદન કરવા સૌરાષ્ટ્રમાં આવે છે, ત્યાં ખબર પડે છે કે તે ઉજ્જયંત પર્વત પર નિર્વાણ પામ્યા છે[૬૪].

કૃષ્ણના ભાઈ ગજસુકુમારે, રુક્મિણી વગેરે તેમની રાણીઓએ, પ્રદ્યુમ્ન, સાંબ, ઢંઢ વગેરે તેમના પુત્રોએ અને સ્થાપત્યાપુત્ર જેવા કેટલાક નાગરિકોએ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી. તેમના રાજ્યમાં જે કોઈ દીક્ષા લે, તેને તે માટે સંમતિ આપી, કૃષ્ણ તેનો દીક્ષામહોત્સવ ઊજવતા હતા અને તેના કુટુંબના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વાહની જવાબદારી ઉપાડતા હતા[૬૫].

આમ જૈન પરંપરા પ્રમાણે કૃષ્ણ અને અરિષ્ટનેમિ વચ્ચે ઘનિષ્ઠ સંપર્ક હતો, જ્યારે પૌરાણિક પરંપરામાં એ બાબત કંઈ ઉલ્લેખ નથી.

**કૃષ્ણનો પસ્તાવો :**

**અં૦દ૦, સ્થા૦સૂ૦અ૦**, તથા **ઉ૦સૂ૦ને૦**માં એવો ઉલ્લેખ મળે છે કે જ્યારે અરિષ્ટનેમિએ દ્વારકાના નાશની તથા કૃષ્ણના મૃત્યુની આગાહી કરી, ત્યારે કૃષ્ણ પસ્તાવો કરે છે કે હું અધન્ય છું કે કામોપભોગમાં જ ફસાયેલો રહ્યો છું, ત્યારે હું પણ દીક્ષા કેમ ન લઈ લઉં ? તે વખતે અરિષ્ટનેમિ આશ્વાસન આપે છે કે વાસુદેવ કૃષ્ણ પોતાની હિરણ્ય આદિ સંપત્તિને છોડીને પ્રવ્રજિત થાય તે શક્ય નથી, કારણ કે વાસુદેવ પૂર્વજન્મમાં નિયાણું કરવાવાળા થયા છે[૬૬]. વધારામાં **ઉ૦સૂ૦ને૦**માં એવો પણ ઉલ્લેખ મળે છે કે અંતકાળે પણ કૃષ્ણે પશ્ચાત્તાપ કર્યો છે કે **'अहं पुण दुक्खभागी अकयतवचरणो मरामित्ति । प्र०व्या०**માં મૈથુન સેવનાર અબ્રહ્મચારી કૃષ્ણ વાસુદેવ મરણધર્મને પામે છે તે વાત દર્શાવી છે, તો **'પ્રકીર્ણકદશક**માં બાંધવોને છોડીને જીવને એકલા જવું પડે છે. તે બાબતના અનુસંધાનમાં, કૃષ્ણનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે[૬૭].

**કૃષ્ણનું મૃત્યુ :**

જૈન આગમો પ્રમાણે કૃષ્ણનું મૃત્યુ કૌસુંબારણ્યમાં જરાકુમારના બાણ વડે વીંધાવાથી થયું હતું. તેમના મૃત્યુ વિશેની આગાહી તથા તેના કૃષ્ણ પર પડેલા પ્રત્યાઘાતનો નિર્દેશ **અં૦દ૦** (પૃ૦ ૧૫) અને **'સ્થા૦સૂ૦અ૦'** (પૃ૦ ૪૩૩)માં વિગતે મળે છે, પણ તેમના વિશેની વિસ્તૃત માહિતી માટે તો **ઉ૦સૂ૦ને૦** પર જ આધાર રાખવો પડે છે. તેમાં મળતી વિગત નીચે પ્રમાણે છે : કૃષ્ણ અને બલદેવ, દ્વારકાના નાશથી વ્યથિત થઈ પાંડવો પાસે દક્ષિણ મથુરા જવા નીકળ્યા. દ્વારકાથી નીકળી, તેઓ હસ્તિકલ્પ (હસ્તવપ્ર=હાથબ) નગરમાં આવ્યા. તે નગરના રાજા અચ્છદંતને હરાવી, દક્ષિણ તરફ જતાં કૌસુંબારણ્યમાં પહોંચ્યા. ત્યાં કૃષ્ણને તરસ લાગતાં બલદેવ પાણી લેવા ગયા અને કૃષ્ણ કૌશેય વસ્ત્ર ઓઢી સૂતા હતા. દરમ્યાન જરાકુમારે તેમને મૃગ ધારી, તેમના પગ ઉપર બાણ માર્યું અને તેમના મૃત્યુનું નિમિત્ત બન્યા. તે પછી કૃષ્ણ પરમેષ્ઠીમંત્ર જપતાં મૃત્યુ પામ્યા[૬૮]. આ જ વિગત **ચઉપ્પનમહાપુરિસચરિય**માં મળે છે[૬૯].

આ વૃત્તાંત **મહાભારત** કરતાં સાવ જુદો છે. તેમાં કૌરવોના મૃત્યુથી દુ:ખી થઈ ગાંધારીએ કૃષ્ણને શાપ આપ્યો હતો કે ૩૬ વર્ષ પછી તમે દુષ્ટ ઉપાયથી મરશો ને યાદવકુલનો નાશ થશે. કૃષ્ણ જરા નામના પારધી વડે પગમાં વીંધાયા, કારણ કે દુર્વાસાએ આપેલું પાયસ તે પાદતલમાં લગાડવાનું ભૂલી ગયા હતા. જ્યારે જરાએ એમને વીંધ્યા, ત્યારે તેમને આ યાદ આવ્યું. વળી **મહાભારત** પ્રમાણે બલરામનું અવસાન પહેલાં થાય છે અને પછી કૃષ્ણનું મૃત્યુ થાય છે. **મહાભારત**માં તેમના મૃત્યુના સ્થળ તરીકે દ્વારકા પાસેનું અરણ્ય દર્શાવ્યું છે[૭૦].

**કૃષ્ણ વાસુદેવની ગતિ :**

કૃષ્ણ વાસુદેવે નિદાન કર્યું હોવાથી, તેમને જૈન આગમોમાં અધોગામી એટલે કે નરકગામી દર્શાવ્યા છે. **આ૦નિ૦**માં પણ કહ્યું છે કે કૃષ્ણ માટે પ્રવ્રજ્યાના અભાવને લીધે મુક્તિ પર્યાય નથી. આ ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે નવમા કૃષ્ણ વાસુદેવ કાળ કરીને વાલુકાપ્રભા નામના ત્રીજા નરકમાં ઉત્પન્ન થશે. તે તૃતીય નરકથી નીકળીને જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રના પુંડ્ર દેશના શતદ્વારનગરમાં આવતી ઉત્સર્પિણીમાં અમમ નામના ૧૨મા તીર્થંકર તરીકે જન્મશે, જ્યાં કેવળપર્યાયનું પાલન કરીને સિદ્ધપદને મેળવશે[૭૧].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણની ગતિ વિશે **મહાભારત**માં એવું જણાવ્યું છે કે અવસાન પછી તે સ્વર્ગમાં ગયા. ત્યાં બધા દેવો તેમનો સત્કાર કરવા સામે આવ્યા, પૃથ્વી પરના તેમના કાર્ય બદલ તેમને અભિનંદન આપ્યા અને કૃષ્ણે નારાયણ તરીકેનું પોતાનું મૂળ સ્થાન પ્રાપ્ત કર્યું[૭૨].

**જૈન આગમમાં દ્વારકા :**

જૈન તેમ જ પૌરાણિક અનુશ્રુતિમાં શ્રીકૃષ્ણ અને દ્વારકા એવાં ઘનિષ્ઠપણે સંકળાયેલાં છે કે એકબીજાનો સાવ સ્વતંત્રપણે વિચાર કરવો મુશ્કેલ છે, તેમ છતાં શક્ય તેટલી પુનરુક્તિને ટાળી, જૈન આગમ ગ્રંથોમાં મળતા દ્વારકાના ચિત્રને ઉપસાવવા અહીં પ્રયત્ન કર્યો છે.

આ ગ્રંથોમાં દ્વારકાનગરીનો ઉલ્લેખ પ્રાકૃતમાં 'બારવઈ,' 'બારવતી', કે 'બારમતી' એ નામે, અને સંસ્કૃતમાં દ્વારવતી નામે આપે છે. પ્રાચીન આગમો મોટે ભાગે 'બારવઈ' અભિધાન જ વધારે પ્રયોજે છે[૭૩]. જૈન આગમ પરની વૃત્તિઓમાં 'દ્વારકાવતી' નામ પણ પ્રયોજાયું છે[૭૪].

આ નગરીનું વર્ણન આગમગ્રંથોમાં નીચે પ્રમાણે મળે છે : આ નગરી ૧૨ યોજન લાંબી, નવ યોજન પહોળી, મનને પ્રસન્ન કરનારી, દર્શનીય અને અલકાપુરી જેવી અપ્રતિમ હતી. ધનપતિએ તેને નિર્મેલી હતી. તેના પ્રાકારો સોનાના હતા. તેની બહાર ઈશાનકોણમાં ઊંચો અને ગગનચુંબી શિખરોવાળો રૈવતક પર્વત હતો. તેની પાસે નંદનવન નામનું ઉદ્યાન હતું જેમાં સુરપ્રિય નામના યક્ષનું આયતન હતું. તેમાં અશોક નામનું વૃક્ષ હતું, તેની નીચે એક શિલાપટ્ટક હતો. આ નગરીમાં સહસ્રામ્રવન નામનું એક બીજું ઉદ્યાન પણ હતું. યાદવોની પ્રખ્યાત સુધર્મા સભાનો નિર્દેશ જૈન આગમોમાં ભેરીઓના સંદર્ભમાં ખાસ મળે છે[૭૫].

**મહાભારત, હરિવંશ** વગેરેમાં મળતા વૃત્તાંત પ્રમાણે કુશસ્થલીને ઠેકાણે શ્રીકૃષ્ણે દ્વારકા વસાવી. શ્રીકૃષ્ણના કહેવાથી વિશ્વકર્માએ આ પુરીનું નિર્માણ કર્યું. આ પુરી માટે સાગરે ૧૨ યોજન જમીન કાઢી આપી હતી. **હરિવંશ**માં આપેલું વર્ણન જૈન ગ્રંથોમાંના વર્ણનને ઘણું મળતું આવે છે. **હરિવંશ** પ્રમાણે રૈવતકનું સ્થાન દ્વારકાની પૂર્વ દિશાએ છે[૭૬] જ્યારે જૈન ગ્રંથોએ એને દ્વારકાને ઈશાન ખૂણે બતાવ્યો છે. અરિષ્ટનેમિએ રૈવતક પર્વત પર પ્રવ્રજ્યા લીધી હોવાને કારણે જૈન ધર્મમાં એનું ખાસ મહત્ત્વ છે.

**દ્વારકા અને રૈવતક :**

**મહાભારત** અને **હરિવંશ**માં પણ દ્વારકા અને રૈવતકનું સામીપ્ય દર્શાવ્યું છે. **માઘકાવ્ય**માં પણ દ્વારકાનગરીને રૈવતક પાસે આવેલી જણાવી છે[૭૭]. આ વાતને જૈન આગમોનું સમર્થન પણ મળી રહે છે.

રૈવતક અને દ્વારકાના સામીપ્યને આધારે વિદ્વાનો યાદવકાલીન દ્વારકાનો સ્થળનિર્ણય કરવા ઘણો પ્રયત્ન કરે છે, પણ મુશ્કેલી એ નડે છે કે હાલની દ્વારકા પાસે રૈવતક પર્વત નથી ને રૈવતક વગરની દ્વારકા વિચારવી અશક્ય છે. કેટલાક વિદ્વાનો એવું અનુમાન કરે છે કે દ્વારકાની પાસે આવેલો રૈવતક નાનો ટેકરો કે ક્રીડાશૈલ હશે. ગમે તેમ પણ યાદવકાલીન દ્વારવતી તથા રૈવતકના સ્થાનની સમસ્યા હજી અણઊકલી જ રહી છે. **કલ્પસૂત્ર**માં અરિષ્ટનેમિએ રૈવતક ઉદ્યાનમાં દીક્ષા લીધી તેમ કહ્યું છે, તે બાબત પણ નોંધપાત્ર છે[૭૮]

**દ્વારકા અને સમુદ્ર :**

પ્રાચીન જૈન આગમોમાં દ્વારકાનો સંબંધ ક્યાંય સમુદ્ર સાથે દર્શાવાયો નથી, જે તેના સ્થળનિર્ણયની દૃષ્ટિએ એક મહત્ત્વનો મુદ્દો છે. પ્રમાણમાં ઓછી પ્રાચીન એવી **નિશીથસૂત્રચૂર્ણિ** (ઈસ્વી ૬૭૬)માં દ્વારકા અને વેરાવળ વચ્ચેના જળમાર્ગનો નિર્દેશ થયો છે[૭૯], જે પરથી દ્વારકા સમુદ્રકિનારે હોવાનું સૂચવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાભારત**ના પ્રાચીનતમપર્વ ''સભાપર્વ''માં પણ દ્વારકાના વર્ણનમાં સમુદ્ર નથી. એનો સમુદ્ર સાથેનો સ્પષ્ટ સંબંધ મૌસલપર્વમાં મળે છે, જે પ્રમાણમાં ઓછું પ્રાચીન છે. દ્વારકા અને રૈવતકનો સંબંધ દ્વારકા અને સમુદ્રના સંબંધ કરતાં વધારે પ્રાચીન ઠરે છે. આથી કેટલાક વિદ્વાનો એવું પણ સૂચન કરે છે કે યાદવોના સમયમાં જ બે દ્વારકા હોય. રાજસૂય યજ્ઞ વખતે રૈવતક પર્વત નજીકની દ્વારકા હશે અને મૌસલયુદ્ધ વખતે સમુદ્રકિનારાવાળી દ્વારકા હશે[૮૦].

**દ્વારકાના રાજા કૃષ્ણ અને તેના રહેવાસીઓ :**

જૈન આગમો પ્રમાણે અંધકવૃષ્ણિ, વસુદેવ, બલદેવ અને કૃષ્ણ આ નગરીના રાજાઓ હતા, પણ મુખ્યત્વે દ્વારકાના રાજા કૃષ્ણ ગણાય છે. તેમને 'દ્વારવતી'ના પૂર્ણચંદ્ર કહ્યા છે. જૈન આગમોમાં પણ 'કૃષ્ણની દ્વારકા' એવા શબ્દો મળે છે[૮૧]. બન્ને પરંપરાઓ આ બાબતમાં એકમત છે. બન્નેમાં દ્વારકાના નાશથી કૃષ્ણને વ્યથિત થતા દર્શાવ્યા છે, જે એમની દ્વારકાપુરી પ્રત્યેની આત્મીયતા દર્શાવે છે. આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં પણ હાલની દ્વારકા શ્રીકૃષ્ણની દ્વારકા તરીકે જાણીતી હતી. એમ પુરાતત્ત્વીય પુરાવાઓથી પણ સાબિત થાય છે[૮૨].

આ દ્વારકા ૨૫ આર્યદેશો પૈકીના એક એવા સુરાષ્ટ્રદેશની[૮૩] રાજધાની હતી, એમ આ આગમોમાં જણાવ્યું છે. તેમાં અનેક વીરો, રાજાઓ, દુર્દાન્ત યોદ્ધાઓ, સ્ત્રીઓ, ગણિકાઓ, શેઠીયાઓ, કોટવાળો, તેમજ સાર્થવાહો રહેતા હતા. તેમાં સ્થાપત્યા નામની સ્ત્રી અને તેનો સ્થાપત્યાપુત્ર નામે પુત્ર રહેતાં હતાં. આ નગરમાં વૈતરણિ અને ધન્વતરિ નામના બે વૈદ્ય રહેતા હતા, જેમાંના ધન્વન્તરિને અભવ્ય કહ્યો છે, કારણ કે તે સાધુઓને સાવદ્ય ઔષધ આપતો હતો, જ્યારે વૈતરણિ નિર્દોષ ઔષધ આપતો હતો, માટે ભવ્ય કહ્યો છે. તેમાં વીરક નામનો કૃષ્ણભક્ત વણકર અને અર્હત્મિત્ર નામનો શ્રેષ્ઠી પણ રહેતો હતો. નારદ આ નગરીમાં વારંવાર આવતા હતા. એક વાર, ઈન્દ્રમહોત્સવ પ્રસંગે બહારથી આવેલા આભીર લોકો, આ નગરીને સાધુલોકોએ વર્ણવેલો દેવલોક સમજી બેઠા હતા. તેમણે અહીંના લોકોને मंडियपसाहियं सुगंधविच्चित्तणेवत्थम् કહ્યા છે, તે દ્વારકાની શોખીન પ્રજાને સૂચવે છે[૮૪].

દ્વારકા, અરિષ્ટનેમિનું પ્રવ્રજ્યાગ્રહણનું સ્થળ હોવા ઉપરાંત તેમનું પ્રથમ ભિક્ષાસ્થાન હતું, તેથી જૈન આગમમાં તેનું મહત્ત્વ વધારે છે

**દ્વારકાનો નાશ :**

**અં૰દ૰**માં મળતા નિર્દેશ પ્રમાણે આવી સમૃદ્ધ નગરી દ્વારકાનો નાશ અગ્નિ, મદિરા અને દ્વૈપાયન ઋષિના ક્રોધને કારણે થશે, એવી આગાહી અરિષ્ટનેમિએ કરી હતી. **દ૰વૈ૰હા૰**માં જણાવ્યા પ્રમાણે, ૧૨ વર્ષ પછી દ્વૈપાયનથી દ્વારકા નાશ પામશે એવી આગાહી સાંભળી દ્વૈપાયન ઉત્તરાપથ ગયા, પણ ૧૨ વર્ષની ગણતરીમાં કંઈક ભૂલ થવાથી, તે પહેલાં એ દ્વારવતી આવી ચડ્યા ને યાદવકુમારોની કનડગતથી કોપને વશ થઈ નિદાન કરી કાળ પામ્યા અને અગ્નિકુમાર તરીકે જન્મ્યા[૮૫]. **સ્થા૰સૂ૰અ૰**ની **વૃત્તિ**માં આ વિગતનો નિર્દેશ છે[૮૬], પણ પૂરેપૂરી વિગત તો ઉ૰સૂ૰ને૰માં મળે છે, જેનો ટૂંક સાર નીચે પ્રમાણે છે : અરિષ્ટનેમિએ ૧૨ વર્ષ પછી દ્વારકાના નાશની કરેલી આગાહીથી યાદવોએ બધાં જ માદક દ્રવ્યોને કાદંબ ગુફામાં સંતાડી દીધાં. એક વખત સાંબ વગેરે કુમારો અચાનક ત્યાં જઈ ચઢ્યા. એમણે મન મૂકીને સુરાનો આસ્વાદ માણ્યો અને ચકચૂર થઈને ગિરિવર આગળ ફરતા હતા, ત્યાં તપ કરતા દ્વૈપાયનને જોયો અને તેમને શત્રુ સમજીને માર્યો. દ્વૈપાયનને ખૂબ ક્રોધ થયો. કૃષ્ણ-બલદેવે ઘણી માફી માગી છતાં માન્યા નહીં. કૃષ્ણ બલદેવે ઘોષણા કરાવી કે હવે નગરીનો નાશ થશે, તેથી સાંબ, પ્રદ્યુમ્ન વગેરે બધાં પ્રવ્રજ્યા લઈને તપ ભણી વળ્યાં. દ્વૈપાયન તપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી, નિદાન કરી, મૃત્યુ પછી અગ્નિકુમાર તરીકે જન્મ્યા. તે દ્વારકા નાશ કરવા યાદવોનું છિદ્ર શોધતો રહ્યા. ૧૨ વરસ વીતી ગયાં છે તેમ માની યાદવો સુરાપાન કરવા લાગ્યા. તેથી દ્વૈપાયને આખી દ્વારકાને બાળી મૂકી, માત્ર કૃષ્ણ અને બલરામ બચ્યા. **ચઉપ્પન્નમહાપુરિસચરિય** (ઈ૰સ૰ ૮૫૯)માં પણ આ પ્રસંગ ખૂબ વિગતે મળે છે[૮૭].

આમ અગ્નિથી દ્વારકાનો નાશ થયો એવી અનુશ્રુતિ જૈન આગમોમાં મળે છે. પૌરાણિક પરંપરા અહીં સાવ જુદી પડે છે. તેમાં દ્વારકાના અને ખાસ કરીને યાદવોના નાશની આગાહી પહેલાં ગાંધારીએ અને પછી શ્રીકૃષ્ણે પોતે કરી હતી[૮૮].

મૌસલપર્વમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે અર્જુન યાદવ સ્ત્રીઓને લઈને નીકળ્યો. પછી દ્વારકાને સમુદ્રે ડુબાડી દીધી[૮૯]. આ બંનેમાંથી પૌરાણિક અનુશ્રુતિ વધારે શ્રદ્ધેય લાગે છે; કારણ કે શાસ્ત્રીય પદ્ધતિએ થયેલા ખોદકામ પર આધારિત પુરાતત્ત્વીય પુરાવાઓથી સમર્થન મળે છે[૯૦] કે દ્વારકા સમુદ્રમાં ડૂબી ગઈ હતી એ આખ્યાયિકા સાચી છે, જ્યારે અગ્નિથી દ્વારકાનો નાશ થયાની વાતને પુરાતત્ત્વીય સમર્થન મળતું નથી.

**ઉપસંહાર :**

આમ આ વિષય અંગેની જૈન અનુશ્રુતિનો અભ્યાસ કર્યા પછી સ્પષ્ટ થાય છે કે પૌરાણિક પરંપરામાં જેમ શ્રીકૃષ્ણનું પુરુષોત્તમ તરીકે, તેમ જૈન અનુશ્રુતિમાં, તેમનું ઉત્તમ પુરુષ તરીકે વિશિષ્ટ સ્થાન છે. આને લીધે, તેમને વિશે ઘણી માહિતી જૈન આગમોમાં મળે છે, જ્યારે પૌરાણિક પરંપરાએ ઋષભદેવ કે અરિષ્ટનેમિ વિશે સદંતર મૌન સેવ્યું લાગે છે. વળી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે આ જૈન અનુશ્રુતિ કેટલીક બાબતોમાં પૌરાણિક અનુશ્રુતિથી જુદી પડે છે, તો કેટલીક બાબતોમાં નવી માહિતી પણ આપે છે. આમ શ્રીકૃષ્ણ અને દ્વારકા વિશે જૈન આગમસાહિત્ય ઘણી ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે.

---

**ટિપ્પણો :**

૧. **સમવાયાંગ સૂત્ર,** રાજકોટ ૧૯૬૨, પૃ૰ ૧૦૯; જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર, (સોલાપુર, ૧૯૫૮), ૨.૧૮૩.

૨. **આવશ્યકનિર્યુક્તિ,** પૂર્વભાગ મુંબઈ ૧૯૨૮, ભા૰ગા૰ ૪૦, પૃ૰ ૨૩૭

૩. **આ૰ નિ૰**, પૂર્વભાગ, નિ૰ગા૰ ૪૦૩-૪૧૧; **સ૰ સૂ૰**, પૃ૰ ૧૦૯૧-૧૦૯૪.

૪. **આ૰ નિ૰**, પૂર્વભાગ, નિ૰ગા૰ ૪૦૪.

૫. **સ૰ સૂ૰**, પૃ૰ ૧૦૯૫; પ્રશ્નવ્યાકરણસૂત્ર, દ્વિતીય ભાગ, (અમદાવાદ ૧૯૩૭), પૃ૰ ૭૩.

૬. **જ્ઞાતાધર્મકથાંગ**, દ્વિતીય વિભાગ ભાવનગર ૧૯૩૦, પૃ૰ ૧૭૮.

૭. **મહાભારત** (સંશોધિત આવૃત્તિ) ૨.૧૩.૧૯.

૮. **દેવાશ્રયી ઉમા**, 'બ્રહ્મવૈવર્તપુરાણમાં શ્રીકૃષ્ણ,' **બુદ્ધિપ્રકાશ** જાન્યુ૰ ૮૨, પૃ૰ ૩૧-૩૭.

૯. Sumana P. Jadeja, *A critical study of the Epical and Purāṇic Traditions of the Yādavas and their geneologies* (Unpublished Thesis, Guj. Uni, Ahmedabad 1965), p. 181.

૧૦. યાદવોની વંશાવળી માટે જુઓ ઉપર્યુક્ત શોધપ્રબન્ધ, પૃ૰ ૧૬૧-૨૨૫;

૧૧. પ્ર૰વ્યા૰, દ્વિતીય ભાગ, પૃ૰ ૭૩.

૧૨. **અન્તકૃદ્દશાસૂત્ર** રાજકોટ ૧૯૫૮, પૃ૰ ૩૦-૩૩.

૧૩. **પ્રવ્યા૰**, દ્વિતીય ભાગ, પૃ૰ ૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. **વસુદેવહિંડી,** સં. ભાવનગર ૧૯૩૦, પૃ. ૭૭.

૧૫. ઉ.સૂ., પૂના ૧૯૫૯, ૨૨.૧-૨.

૧૬. J.C. Jain, *'Life in Ancient India as depicted in the Jain canons,'* (Bombay 1947), p. 377; શાસ્ત્રી હરિપ્રસાદ ગં., ''પ્રાચીન જૈનસાહિત્યમાં દ્વારકા અને ત્યાંના યાદવ,'' **દ્વારકા સર્વસંગ્રહ,** દ્વારકા ૧૯૭૩ પૃ. ૨૨૫-૨૩૦.

૧૭. જાડેજા સુમનાબેન, **ઉપર્યુક્ત શોધપ્રબન્ધ,** પૃ. ૧૬૧-૨૨૬.

૧૮. ઉ.સૂ., ૨૨.૧-૩; ભો.જ. સાંડેસરા, **જૈન આગમમાં ગુજરાત** (અમદાવાદ ૧૯૫૨), પૃ. ૧૭૮-૧૭૯.

૧૯. **દશવૈકાલિક-હારિભદ્રીયવૃત્તિ** નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ ૧૯૦૦, પૃ. ૩૬.

૨૦. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. ''હરિવંશમાં દ્વારકા અને શ્રીકૃષ્ણ,'' **પથિક** એપ્રિલ ૭૬, પૃ. ૯.

૨૧, **દ.વૈ.હા.,** પૃ. ૩૬; **દશવૈકાલિકચૂર્ણિ,** ઇન્દોર ૧૯૩૩, પૃ. ૪૧.

૨૨. **પ્ર.વ્યા.,** દ્વિતીય ભાગ, પૃ. ૭૩.

૨૩. **સ.સૂ.,** પૃ. ૮૫૧; *Jain, Life in.* p. 385; જાડેજા ઉપર્યુક્ત શોધપ્રબન્ધ, પૃ. ૩૮૮.

૨૪. **અં.દ.,** પૃ. ૪૫-૧૨૮.

૨૫. **ઉ.સૂ.,** ૨૨.૨.

૨૬. ઉ.સૂ.-નેમિચંદ્રસૂરિની વૃત્તિ, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ ૧૯૩૭, પૃ. ૪૦-૪૧.

૨૭. **ઉ.સૂ.,** ૨૨.૨, **અં.દ.,** પૃ. ૬૮-૧૦૧.

૨૮. જાડેજા સુમનાબેન, ઉપર્યુક્ત શોધપ્રબન્ધ પૃ. ૧૬૭-૧૮૧; પૃ. ૨૮૩.

૨૯. **અં.દ.,** પૃ. ૪૫-૧૨૮.

૩૦. **અં.દ.,** પૃ. ૧૨૦-૧૨૧, **વૃષ્ણિદશા,** રાજકોટ ૧૯૬૦ પૃ. ૩૪૧

૩૧. **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૭૦

૩૨. **સ્થાનાંગસૂત્ર,** ઉત્તર ભાગ, મુંબઈ ૧૯૨૦, સૂ. ૭૩૫, સૂ., ૭૩૫, **સમવાયાંગસૂત્ર,** પૃ. ૧૨૫; **આ.નિ.,** નિ.ગા. ૪૦૨-૪૦૩, **પ્રકીર્ણકદશક,** પૃ. ૩૮

૩૩. **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૭૩-૧૭૮, **સ.સૂ.,** પૃ. ૧૦૯૪, ૧૦૯૮, પ્ર.વ્યા., પૃ. ૭૬. **આ.નિ.,** ભા.ગા. ૩૯,

૩૪. **આવશ્યકચૂર્ણિ;** પૂર્વભાગ રતલામ ૧૯૨૯, પૃ. ૧૧૭-૧૧૮, પૃ. ૩૫૯, ક્ષમાશ્રમણકૃત **વિશેષાવશ્યકભાષ્ય** મુંબઈ, ૧૯૨૪), પૃ. ૫૧૦-૫૧૨; કોટ્યાચાર્ય કૃત **વિશેષાવશ્યકભાષ્ય** પૃ. ૪૧૮ **વૃ.દ.,** પૃ. ૩૪૮, **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૬૭.

૩૫. **આવ.ચૂ.,** પૂર્વભાગ પૃ. ૧૧૭-૧૧૮.

૩૬. **આચારાંગચૂર્ણિ,** રતલામ ૧૯૪૧, પૃ. ૨૧૧, પૃ. ૨૯૬; **સ.સૂ.,** પૃ. ૧૦૯૪-૧૧૨૦; **પ્ર.વ્યા,** પૃ. ૭૨-૭૭;

૩૭. **આવ.ચૂ.,** ઉત્તર ભાગ રતલામ ૧૯૨૯, પૃ. ૧૯; **અં.દ.,** પૃ. ૧૦૬; **જ્ઞા.ધ.,** દ્વિતીય વિભાગ, પૃ. ૧૭૬, **ઉ.સૂ.ને.,** પૃ. ૪૦-૪૧.

૩૮. પ્ર.દ. પૃ. ૧૩૦, **ઉત્તરાધ્યયનસૂત્ર-ચૂર્ણિ** રતલામ ૧૯૪૨ પૃ. ૭૬; **આવ.ચૂ.,** પૂર્વભાગ, પૃ. ૧૧૭.

૩૯. **મહાભારત,** ૨.૨૫. ૧૬-૨૧,

૪૦. **પ્ર.વ્યા.,** પ્રથમ ભાગ, પૃ. ૭૨-૭૪.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૧. દ૦વૈ૦હા૦ પૃ૦ ૩૬.

૪૨. પ્ર૦વ્યા૦, **જ્ઞાનવિમલવૃત્તિ**, પૃ૦ ૮૫.

૪૩. જ્ઞા૦ ધ૦ દ્વિતીય વિભાગ, પૃ૦ ૧૬૪-૧૭૮; **સ્થાનાંગસૂત્ર-અભયદેવવૃત્તિ**, ઉત્તર ભાગ, મુંબઈ ૧૯૨૦, પૃ૦ ૫૨૪; **કલ્પસૂત્ર-ધર્મસાગરવૃત્તિ** (ભાવનગર, ૧૯૨૨) પૃ૦ ૩૪; **કલ્પસૂત્ર-શાંતિસાગરવૃત્તિ**, રતલામ ૧૯૩૬, પૃ૦ ૩૩.

૪૪. જ્ઞા૦ધ૦, પ્રથમ વિભાગ (ભાવનગર, ૧૯૨૯), પૃ૦ ૧૫૯; અંદ, પૃ૦ ૧૮, ૫૪; વૃદ, પૃ૦ ૩૪૧.

૪૫. જ્ઞા૦ધ૦, પ્રથમ વિભાગ, પૃ૦ ૧૪૬-૧૫૩; આ૦નિ૦, પૂર્વભાગ, ભા૦ ગા૦ ૪૩.

૪૬. આવ૦ચૂ૦, ઉત્તરાર્ધ, પૃ૦ ૧૯૪; **પાક્ષિકસૂત્ર-યશોદેવપ્રણીત** વિવરણ, મુંબઈ ૧૯૧૧, પૃ૦ ૬૨.

૪૭. અં૦દ૦, પૃ૦ ૧૮, પ્ર૦વ્યા૦ દ્વિતીય ભાગ, પૃ૦ ૭૨.

૪૮. **મહાભારત**, ૧.૬૧; ૧૬.૬.

૪૯. અં૦દ૦, પૃ૦ ૧૩૩-૧૫૩; જ્ઞા૦ધ૦, પ્રથમ વિભાગ, પૃ૦ ૧૫૯. વૃ૦દ૦, પૃ૦ ૩૪૬; ઉ૦સૂ૦ને૦, પૃ૦ ૩૯, પ્ર૦વ્યા૦, પૃ૦ ૮૫.

૫૦. **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત**, પર્વ ૮, સર્ગ ૬, પૃ૦ ૧૨૫.

૫૧. અં૦દ૦, પૃ૦ ૧૨૮, વૃ૦દ૦, પૃ૦ ૩૪૧, આવ૦ચૂ૦, પૂર્વભાગ પૃ૦ ૧૧૨-૧૧૪; આવ૦ચૂ૦, ઉત્તર ભાગ, પૃ૦ ૧૯.

૫૨. **મહાભારત**, ૧૬.૨.૮-૧૦.

૫૩. **ઉત્તરાધ્યયનસૂત્રચૂર્ણિ**, પૃ૦ ૭૬.

૫૪. જ્ઞા૦ધ૦, દ્વિતીય વિભાગ, પૃ૦ ૧૫૩-૧૮૪.

૫૫. એજન, પૃ૦ ૧૮૦-૧૮૨.

૫૬. ઉ૦સૂ૦ને૦, પૃ૦ ૪૧.

૫૭. **મહાભારત**, ૧૭.૨.૪૪; ૧૮.૩.૧૬

૫૮. આ૦નિ૦, પૂર્વભાગ, નિ૦ગા૦ ૪૨૦; ઉ૦સૂ૦ ૨૨.૨૭; અં૦દ૦, પૃ૦ ૮૮; પૃ૦ ૧૩૪; વૃ૦દ૦, પૃ૦ ૩૫૦.

૫૯. **વસુદેવહિંડી**, પૃ૦ ૭૭.

૬૦. જાડેજા સુમનાબેન, ઉપર્યુક્ત શોધપ્રબન્ધ, પૃ૦ ૧૬૦

૬૧. ઉ૦સૂ૦, ૨૨.૬; અં૦દ૦, પૃ૦ ૧૩૪

૬૨. ઉ૦સૂ૦ને૦, પૃ૦ ૨૭૭-૨૭૮

૬૩. ઉ૦સૂ૦; ૨૨.૧૪-૩૦

૬૪. ઉ૦સૂ૦ને૦, પૃ૦ ૪૦-૪૧; પ્ર૦દ૦, પૃ૦ ૧૨૭-૧૨૮

૬૫. અં૦દ૦, પૃ૦ ૧૪૫-૧૪૬; જ્ઞા૦ધ૦, પ્રથમ વિભાગ, પૃ૦ ૧૬૪

૬૬. અં૦દ૦, પૃ૦ ૧૪૦; સ૦સૂ૦, પૃ૦ ૧૧૧૪-૧૧૧૫; **સ્થાનાંગસૂત્ર-અભયદેવવૃત્તિ, ઉત્તરભાગ**, પૃ૦ ૪૩૩; ઉ૦સૂ૦ને૦, પૃ૦ ૪૦-૪૧.

૬૭. ઉ૦સૂ૦ને૦, પૃ૦ ૩૮-૪૧, પ્રવ્યા દ્વિતીય ભાગ, પૃ૦ ૭૭; પ્રદ, પૃ૦ ૧૨૧

૬૮. એજન, પૃ૦ ૩૭-૪૧.

૬૯. ચઉપ્પન્નમહાપુરિસચરિય, પૃ૦ ૧૯૮-૨૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૦. **મહાભારત,** ૧૧.૨૫.૪૦; ૧૩.૧૪૪.૩૮; ૧૬.૫.૧૬-૨૩.

૭૧. **સ.સૂ.,** પૃ. ૧૧૧૪, **આ.નિ.,** નિ.ગા. ૪૧૨-૪૧૩; **સ્થાનાંગસૂત્ર,** ઉત્તર ભાગ, સૂ. ૭૩૫, **અં.દ.,** પૃ. ૧૪૩.

૭૨. મહાભારત, ૧૬.૫.૨૧-૨૫.

૭૩. **વૃ.દ.,** પૃ. ૩૪૦; **જ્ઞા.ધ.,** પ્રથમ વિભાગ, પૃ. ૧૫૮; **આવ.ચૂ.,** ઉત્તરાર્ધ, પૃ. ૨૦૨; **કલ્પસૂત્ર**-ધર્મસાગરવૃત્તિ, (ભાવનગર, ૧૯૨૨), પૃ. ૩૪.

૭૪. **સ્થાનાંગસૂત્ર**-અભયદેવવૃત્તિ, ઉત્તર ભાગ, પૃ. ૪૩૩.

૭૫. **અં.દ.,** પૃ. ૧૭, પૃ. ૮૬; **વૃ.દ.,** પૃ. ૩૪૦-૩૫૧; **આવ.ચૂ.,** પૂર્વાર્ધ, પૃ. ૩૫૫.

૭૬. કે. કા. શાસ્ત્રી, "હરિવંશમાં દ્વારવતી નિવેશન," **દ્વારકાસર્વસંગ્રહ,** દ્વારકા ૧૯૭૩, પૃ. ૨૦૯-૨૧૩.

૭૭. જોષી ઉમાશંકર, **પુરાણોમાં ગુજરાત,** અમદાવાદ ૧૯૪૬, પૃ. ૯૫; શાસ્ત્રી, હ. ગં. 'માઘકાવ્યમાં દ્વારકા', **દ્વારકાસર્વસંગ્રહ,** પૃ. ૧૬૬.

૭૮. **કલ્પસૂત્ર.,** અમદાવાદ ૧૯૫૨, પૃ. ૫૧.

૭૯. **નિશીથસૂત્રચૂર્ણિ,** આગ્રા ૧૯૫૭, પ્રથમ વિભાગ, પૃ. ૬૯.

૮૦. જોષી, **પુરાણોમાં.,** પૃ. ૯૩.

૮૧. **અં.દ.,** પૃ. ૨૨, પૃ. ૪૫, પૃ. ૧૨૦, પૃ. ૧૩૪; **પ્ર.વ્યા.,** દ્વિતીય ભાગ, પૃ. ૭૭; **અં.દ.,** પૃ. ૫૪.

૮૨. હસમુખ સાંકળિયા, પ્રમુખશ્રીનું વ્યાખ્યાન, **દ્વા.સ.સં.** પૃ. ૪૬.

૮૩. **પ્રજ્ઞાપનાસૂત્ર,** રાજકોટ, ૧૯૭૪, પૃ. ૪૪૯; શીલાંકાચાર્યરચિત **સૂત્રકૃતાંગવૃત્તિ,** મુંબઈ ૧૯૧૭, પૃ. ૧૨૩; **બૃહત્કલ્પસૂત્ર,** તૃતીય વિભાગ, પૃ. ૯૧૩.

૮૪. **વૃ.દ.,** પૃ. ૩૪૦; **જ્ઞા.ધ.,** પ્રથમ વિભાગ, પૃ. ૧૫૯; **આ.નિ.,** ઉત્તર ભાગ નિ.ગા. ૧૩૦૩-૧૩૧૯; **આવ.ચૂ.,** પૂર્વ ભાગ પૃ. ૧૧૨, પૃ. ૪૬૦-૪૭૫. **આવ.ચૂ.,** ઉત્તર ભાગ, પૃ. ૧૬, પૃ. ૧૯૪, પૃ. ૨૦૨.

૮૫. અં.દ., પૃ. ૧૮૪ દવૈહા, સૂત્ર ૫૬, પૃ. ૩૬.

૮૬. સ્થાનાંગસૂત્ર - અભયદેવવૃત્તિ, પ્રથમભાગ સૂત્ર ૧૩૮, પૃ. ૨૫૫; ઉત્તરભાગ સૂત્ર ૬૨૫, પૃ. ૪૩૩.

૮૭. ઉસ્ને, પૃ. ૪૦-૪૫; ચઉપન્નમહાપુરિસચરિય, પૃ. ૧૯૮-૨૦૪.

૮૮. મહાભારતમ્, વો. ૧૯, મૌસલપર્વ, ૧૬.૮.૪૦.

૮૯. હસમુખ સાંકળિયા, પ્રમુખશ્રીનું વ્યાખ્યાન, દ્વારકાસર્વસંગ્રહ, પૃ. ૪૪.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org